# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 23-01-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

*******************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, વિકસિત ભારતના સંકલ્પને પૂર્ણ કરવામાં શહેરોની મહત્વની ભૂમિકા. – કેરળમાં અનેક વિકાસકાર્યોનો પ્રારંભ.

2) ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રીએ કહ્યું, તમિળનાડુ સરકાર પરિવર્તન માટે તૈયાર છે.

3) વિશ્વ આર્થિક મંચમાં કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, ભારત આગામી 18 મહિનામાં પોતાની મોબાઈલ બ્રાન્ડ લૉન્ચ કરશે.

4) છત્તીસગઢમાં આજે નવ માઓવાદીએ આત્મસમર્પણ કર્યું.

5) રાયપુરમાં ભારત અને ન્યૂઝિલૅન્ડ વચ્ચે ટી-20 ક્રિકેટનો બીજો મુકાબલો.

........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM KERALA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું , સમગ્ર દેશ વિકસિત ભારતના સંકલ્પની દિશામાં એક થઈને કામ કરી રહ્યો છે અને તેને પૂર્ણ કરવામાં શહેરોની મહત્વની ભૂમિકા છે. તેમણે કહ્યું , કેન્દ્ર સરકાર ગત 11 વર્ષથી શહેરી માળખાગત સુવિધાઓમાં વધુ રોકાણ કરી રહી છે. કેરળના તિરુવનંતપુરમ્-માં અનેક વિકાસકાર્યોનો પ્રારંભ કરાવ્યા બાદ જાહેર સભાને સંબોધતાં શ્રી મોદીએ આ વાત કહી.

શ્રી મોદીએ નવી ટ્રેનનું પ્રસ્થાન કરાવ્યું તેમજ પીએમ સ્વિનિધિ ક્રેડિટ કાર્ડનો શુભારંભ કરાવ્યો અને એક લાખ લાભાર્થીઓને પીએમ સ્વનિધિ ધિરાણનું વિતરણ કર્યું હતું.

શ્રી મોદીએ આવકવેરામાં કરાયેલા ફેરફારથી કેરળના લોકોને લાભ થશે તેનો પણ પોતાના સંબોધનમાં ઉલ્લેખ કર્યો હતો.

(BYTE: PM MODI) ON TAX FREE)

. . . . . .

# NEW IICDEM THIRD DAY

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે કહ્યું , કાયદા મુજબ તમામ પાત્રતા ધરાવતા મતદારોના નામવાળી સ્પષ્ટ મતદાર યાદી કોઈ પણ લોકશાહીનો પાયો હોય છે. નવી દિલ્હીમાં ભારત આંતર-રાષ્ટ્રીય લોકશાહી અને ચૂંટણી વ્યવસ્થાપન સંમેલન – I.I.C.D.E.M-માં ત્રણ દિવસના સત્રમાં મુખ્ય વિચારોને પાંચ મુખ્ય બિન્દુઓમાં પ્રસ્તુત કરાયા. શ્રી કુમારે કહ્યું , ચૂંટણી વ્યવસ્થાપન એકમને તમામ મતદારોને ફોટો ઓળખપત્ર ઉપલબ્ધ કરાવવાનો પ્રયાસ કરવો જોઈએ , જેથી ચૂંટણી પ્રક્રિયા સરળ અને પારદર્શક રીતે પૂર્ણ થઈ શકે. શ્રી કુમારે વાર્ષિક સમીક્ષાની સાથે-સાથે સહકાર , નવિનતા અને કાર્યોના માધ્યમથી આ સ્તંભોને અમલમાં મુકવાનો પણ આગ્રહ કર્યો.

આ પહેલા સંમેલનના છેલ્લા દિવસે આજે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે અનેક દેશના પ્રતિનિધિ-મંડળ સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. તેમાં વૈશ્વિક ચૂંટણી અનુભવ અને નવીનતાઓની એક વિસ્તૃત શ્રેણી અંગે ચર્ચા થઈ. વાતચીત દરમિયાન ભારતે ચૂંટણી વ્યવસ્થાપન એકમો સાથે સહકાર કરવાનો પ્રસ્તાવ મુક્યો છે, જેથી તે પોતપોતાના દેશમાં પોતાના કાયદા મુજબ , E.C.I. નેટ જેવું પ્લેટફોર્મ બનાવી શકે.

ભારતે ભારત આંતર-રાષ્ટ્રીય લોકશાહી અને ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થાના માધ્યમથી ચૂંટણી અધિકારીઓને તાલીમ સહાય આપવાનો પણ પ્રસ્તાવ અપાયો છે. આ સંમેલન નવી દિલ્હીમાં યોજાઈ રહી છે.

. . . .

# REV PM TAMILNADU

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કહ્યું, તમિળનાડુ સરકાર પરિવર્તન માટે તૈયાર છે. તેમણે DMK સરકાર પર પ્રહાર કર્યા હતા. મદુરન્થ-કમ-માં એક જાહેર સભાને સંબોધતાં શ્રી મોદીએ કહ્યું , રાષ્ટ્રીય લોકશાહી જોડાણ – NDA સરકારે ગત 11 વર્ષમાં તમિળનાડુના વિકાસ માટે 11 લાખ કરોડ રૂપિયા ફાળવ્યા છે. તેમાં રેલવે પરિયોજનાઓમાં સાત ગણી વૃદ્ધિ, 50 હજાર કિસાન ક્રેડિટ કાર્ડ , છ કરોડ મુદ્રા ધિરાણ અને પ્રત્યક્ષ લાભ હસ્તાંતરણ સામેલ છે.

(BYTE: PM MODI) DMK

. . . . . . . .

# VAISHNAW DAVOS

કેન્દ્રીય ઇલેક્ટ્રૉનિક્સ તથા માહિતી અને ટૅક્નોલૉજી મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, ભારત આગામી 18 મહિનામાં પોતાની મોબાઈલ બ્રાન્ડ લૉન્ચ કરવાની તૈયારીમાં છે. શ્રી વૈષ્ણવે સ્વિત્ઝર્લૅન્ડના દાવોસમાં વિશ્વ આર્થિક મંચ – W.E.F.માં આ માહિતી આપી. તેમણે કહ્યું , ભારતમાં એક મજબૂત ઇલેક્ટ્રૉનિક્સ વ્યવસ્થા છે અને હવે મૉબાઈલ ફૉનના ક્ષેત્રમાં પોતાની બ્રાન્ડ લાવવાનો સમય આવી ગયો છે.

(BYTE: ASHWINI VAISHNAW, UNION MINISTER)

W.E.F. દરમિયાન ભારતે મૉબાઈલ ફૉનમાં ઉપયોગમાં લેવાનારી અનેક વસ્તુઓનું ઉત્પાદન કરનારાઓ સાથે મહત્વની બેઠક યોજી હતી.

. . . . . . . .

# GIRIRAJ IIGF

કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજ સિંઘે કહ્યું , ગત દાયકામાં કાપડ ક્ષેત્રમાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધાઈ છે. નવી દિલ્હીમાં આજે ભારતીય આંતર-રાષ્ટ્રીય કાપડ મેળાનું ઉદ્ઘાટન કરતા શ્રી સિંઘે કહ્યું, વર્ષ 2025માં સ્થાનિક બજાર છથી વધીને 13 લાખ કરોડ રૂપિયાનું થયું છે. તેમજ કોરોના બાદના સમયગાળામાં નિકાસમાં પણ 25 ટકાથી વધુનો વધારો નોંધાયો છે.

શ્રી સિંઘે કહ્યું , ડિસેમ્બર 2025 સુધી કાપડ ઉદ્યોગ 29 હજાર કરોડ રૂપિયા સુધી પહોંચ્યો. કેન્દ્રીય કાપડ મંત્રીએ કહ્યું , કાપડ ક્ષેત્ર રોજગારીનું સર્જન કરનારા સૌથી મોટા મંચમાંથી એક બની ગયું છે. તેમણે વિદેશી ડિઝાઈન પર ધ્યાન આપવાની જગ્યાએ ભારતના પોતાના માપદંડ તૈયાર કરવા પર ભાર આપ્યો.

. . . . . . . . .

# REV CHATTISGARH MAOISTS SURRENDER

છત્તીસગઢમાં ધમતરી જિલ્લામાં આજે કુલ નવ માઓવાદીએ આત્મસમર્પણ કર્યું. તેમાંથી સાત માઓવાદી મહિલા છે. તેમની પર કુલ 47 લાખ રૂપિયાનું ઈનામ હતું.

દરમિયાન તેમણે ઘણા હથિયાર પણ પોલીસન સોંપ્યા. પોલીસના જણાવ્યા મુજબ, આ માઓવાદીઓ રાજ્યના સીતાનાડી ક્ષેત્રની સાથેસાથે નગરી , મૈનપુર અને ગોબરા ક્ષેત્રમાં સક્રિય હતા અને તેમની ઉપર અનેક ઘટનાઓમાં સામેલ હોવાનો આક્ષેપ હતો.

. . . . . . . . . . . . .

# JHARKHAND MAOIST ENCOUNTER UPDATE

ઝારખંડના સારંડા જંગલમાં સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચેની અથડામણ આજે સતત બીજા દિવસે પણ ચાલુ રહી. કિરીબુરુ પોલીસમથક ક્ષેત્ર અંતર્ગત કુમડી અને હિંજોડિરી ગામ વચ્ચે સવારે થયેલા ગોળીબારીમાં એક મહિલા નક્સલવાદીને ઠાર કરવામાં આવી. આ સાથે જ ગત બે દિવસમાં 16 નક્સલવાદીને ઠાર કરાયા છે.

ચાઈબાસાના પોલીસ અધિક્ષક અમિત રેણુએ અથડામણની પુષ્ટી કરતા કહ્યું, આ વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા વધારી દેવાઈ છે. નક્સલવાદી વિરોધી અભિયાન ઝડપી કરાયું અને સમગ્ર ક્ષેત્રમાં સઘન તપાસ અભિયાન ચાલી રહ્યું છે.

. . . . . . . .

# NETAJI SUBHASH CHANDRA BOSE

ઉપ-રાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને કહ્યું , નેતાજી સુભાષચંદ્ર બોઝનું જીવન પેઢીઓને હિમ્મત, ત્યાગ અને રાષ્ટ્રીય એકતાના આદર્શને જાળવી રાખવા પ્રેરિત કરતા રહેશે. તેમણે કહ્યું , નેતાજીનું નીડર નેતૃત્વ અને સ્વતંત્રતા પ્રત્યે અતૂટ પ્રતિબદ્ધતા સાચી વીરતાનું પ્રતિક છે.

ઉપ-રાષ્ટ્રપતિ આજે નેતાજી સુભાષચંદ્ર બોઝની જયંતી નિમિત્તે ઉજવવામાં આવી રહેલા પરાક્રમ દિવસ નિમિત્તે ઓડિશામાં છે. તેમણે નેતાજીની 129-મી જયંતી નિમિત્તે તેમના જન્મસ્થળ કટકમાં આવેલા જાનકીનાથ ભવનની પણ મુલાકાત લીધી. શ્રી રાધાકૃષ્ણને ઓડિશાના રાજ્યપાલ ડૉક્ટર હરિબાબુ કમ્ભમપતિ અને મુખ્યમંત્રી મોહનચરણ માંઝી સાથે નેતાજીની પ્રતિમા પર પુષ્પાંજલિ આપી.

તેમજ નેતાજી સંગ્રહાલયની મુલાકાત કરી. તેમણે કટકમાં સંગ્રહાલય પરિસર પાસે નવનિર્મિત નેતાજી સંસ્કૃતિ ભવનનું ઉદ્ઘાટન પણ કર્યું.

. . . . . . . . .

# GENERAL CHAUHAN NETAJI JNU

ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ – CDS જનરલ અનિલ ચૌહાણે આજે કહ્યું , નેતાજી સુભાષચંદ્ર બોઝે રાજકીય દ્રષ્ટિ, રાજદ્વારી અને સૈન્ય અભિયાન વચ્ચે ગાઢ સંબંધનું ઉદાહરણ આપ્યું હતું. જવાહરલાલ નેહરુ વિશ્વવિદ્યાલય – JNUના વિદ્યાર્થીઓને નેતાજી સુભાષચંદ્ર બોઝની 129-મી જયંતી નિમિત્તે સંબોધતા જનરલ ચૌહાણે કહ્યું, આજે જ્યારે દેશ આ બહુકેન્દ્રીય , અસ્થિર અને અનિશ્ચિત વૈશ્વિક ઉથલપાથલમાંથી પસાર થઈ રહ્યો છે.

ત્યારે આવા સમયમાં નેતાજીની અડગ રાજદ્વારી અને વ્યૂહાત્મક વાસ્તવિકતાની નીતિ પહેલા કરતાં વધુ સુસંગત છે. તેમણે કહ્યું, આઝાદ હિન્દ ફોજ એકતા અને વિવિધતાની અભિવ્યક્તિ છે. તેનું સંગઠન ક્ષેત્ર , જાતિ, ધર્મ કે સ્ત્રી-પુરુષ ભેદભાવથી પર છે.

રાષ્ટ્રીય સુરક્ષાની વિભાવનાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે , આ એક રાષ્ટ્ર-રાજ્યના ત્રણ તત્વ એટલે કે , તે રાજ્યની જમીન, જનતા અને વિચારધારા સાથે સંબંધિત છે. જનરલ ચૌહાણે કહ્યું કે , ઑપરેશન સિંદૂર પછી, ત્રણેય સંરક્ષણ દળ એક માળખા તરફ કામ કરી રહ્યા છે , જે યુદ્ધ વિકસાવવાની ભવિષ્યની રીતોની ચર્ચા કરે છે.

. . . . . . .

# PRAGATI SPECIAL STORY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સક્રિય શાસન અને સમયસર અમલીકરણના મુખ્ય મંચ – પ્રગતિએ પોતાની 50-મી સફળ બેઠક સાથે એક મહત્વની સિદ્ધિ હાંસલ કરી છે. પ્રગતિ-એ પ્રધાનમંત્રીની સીધી સમીક્ષાના માધ્યમથી મુખ્ય માળખાકીય પરિયોજનાઓ અને લોકોની ફરિયાદોના વાસ્તવિક સમયમાં દેખરેખ અને સમાધાનને સક્ષમ બનાવીને શાસન વ્યવસ્થામાં પરિવર્તન કર્યું છે. ત્યારે આજે વિશેષ શ્રેણીમાં આજે ઉત્તરપ્રદેશની મઉ-ગાઝીપુર-તારીઘાટ નવી બ્રૉડગેજ રેલવે લાઈન અંગે સાંભળીએ એક અહેવાલ.

**(V/C- YASHVI MAHETA)**

(....ઉત્તરપ્રદેશમાં 51 કિલોમીટર સુધી ફેલાયેલી માઉ-ગાઝીપુર-તારીઘાટ નવી બ્રૉડગેજ રેલવેલાઈન , એક પરિવર્તનશીલ રેલ માળખાકીય સુવિધાની પહેલનું પ્રતિનિધિત્વ કરે છે. તેને એક હજાર 765 કરોડ રૂપિયાના ખર્ચે મંજૂરી અપાઈ હતી અને તેનો ઉદ્દેશ પૂર્વ ઉત્તરપ્રદેશમાં રેલવે જોડાણ વધારવાનો , દૂરના અને કૃષિ જિલ્લાઓને રાષ્ટ્રીય રેલવે નેટવર્ક સાથે જોડવાનો અને ગંગા કૉરિડોરમાં મલ્ટિમોડલ પરિવહનમાં સુધારો કરવાનો હતો. 26 સપ્ટેમ્બર 2018ના રોજ પ્રગતિ મંચ પર પ્રધાનમંત્રીએ આ પરિયોજનાની વ્યાપક સમીક્ષા કરી હતી. આ પરિયોજનાએ છ માર્ચ 2024ના રોજ 100 ટકા ભૌતિક પૂર્ણતા અને કમિશનિંગ પ્રાપ્ત કર્યું. આ બ્રોડગેજ લાઇનના કમિશનિંગથી પૂર્વ ઉત્તરપ્રદેશને દૂરના સામાજિક-આર્થિક લાભ મળ્યા છે . મૂળભૂત રીતે પ્રાદેશિક જોડાણ અને આર્થિક એકીકરણને ફરીથી આકાર આપ્યો છે.

અનુપમ મિશ્રાના અહેવાલ સાથે પ્રાદેશિક સમાચાર વિભાગથી હું યશવી મહેતા.

. . . . .

# CRICKET T20

ભારત અને ન્યૂઝિલેન્ડ વચ્ચે પાંચ મૅચની ટી-20 આંતર-રાષ્ટ્રીય ક્રિકેટ શ્રેણીની બીજી મૅચ આજે છત્તીસગઢમાં રમાઈ રહી છે. રાયપુરમાં શહીદ વીર નારાયણ સિંહ આંતર-રાષ્ટ્રીય સ્ટૅડિયમમાં રમાતી મૅચમાં ભારતે ટૉસ જીતીને બૉલિંગ પસંદ કરી છે.

હમણાં મળતાં અહેવાલ મુજબ , મિશેલ સેન્ટનરની આગેવાની હેઠળની ન્યૂઝિલેન્ડની ટીમે 10 ઑવરમાં 3 વિકેટ ગુમાવી 111 રન કર્યા છે.

ઉલ્લેખનીય છે કે, સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની ભારતીય ટીમ આ શ્રેણીમાં 1-0થી આગળ છે. પહેલી મૅચમાં ભારતે 48 રનથી વિજય મેળવ્યો હતો.

. . . . . . .

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે **<u>25 જાન્યુઆરીએ</u>** આકાશવાણી પરથી "મન કી બાત" કાર્યક્રમમાં દેશવિદેશના નાગરિકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનના તમામ નેટવર્ક પર કરાશે.

"મન કી બાત" કાર્યક્રમ આકાશવાણી સમાચારની વૅબસાઈટ અને ન્યૂઝ ઑન એ.આઈ.આર. ઍપ પર પણ ઉપલબ્ધ રહેશે. આકાશવાણી સમાચાર , દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય – PMO તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યૂબ ચેનલ પર પણ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . .